**ક્રિમીનલ ઇન્કવાયરી નં.૧૩/૨૦૨૬**

**મહેરબાન એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં,**
**મુ.બાલાસીનોર જી. મહીસાગર.**

---

આવેશખાન નશરુલ્લાખાન પઠાણ
ઉ.વ.આ.પુખ્ત વયના,
રહે.૧૫૭, ઇચ્છુતોલા મહોલ્લા, બાલાસીનોર,
તા–બાલાસીનોર
જી.મહીસાગર. ..........................................................અરજદાર.

**વિ રૂ દ્ધ**

શ્રી સરકાર..........................................................સામાવાળા.

**બાબત :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૪૯૭ અને ૫૦૩ મુજબ બેન્કમાં ફ્રીઝ થયેલી રકમ રૂ. ૯,૯૯૮/૯૪ મુક્ત/રીફંડ કરવા અંગે.

---

**અરજદાર તરફે વિ. વકીલ શ્રી એસ.આર. પઠાણ.**
**સામાવાળા તરફે વિ.ઇ/ચા. એ.પી.પી.શ્રી કે.એમ. રાણા.**

---

**<u>આંક.૦૧ નીચે હુકમ</u> :–**

**(૧)** આ કામમાં અરજદાર દ્વારા હાલની અરજી લાવી મુખ્યત્વે એવી રજુઆત કરાયેલી છે કે, તેઓની સાથે સાયબર ક્રાઇમ બનેલ હતો જેમાં તેમના બેંક ઓફ બરોડા (ઇન્કલુડીંગ વિજયા બેંક એન્ડ દેના બેંક) ના ખાતા નં. 08830100023442 માથી ૧૦,૧૯૭/–૩૩ (અંકે રૂપીયા દસ હજાર એકસો સતાણુ અને તેંત્રીસ પૈસા પુરા) ઉપડી ગયેલા હતા. જે સબંધે તેઓએ ૧૯૩૦ નંબર ઉપર ફોન કરી પોતાની ફરિયાદ નોંધાવેલ હતી અને જે ફરિયાદ તા.૨૪/૨/૨૦૨૬ ના રોજ 31102260040357 નંબરથી

નોંધાયેલ. ત્યારબાદ સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા તપાસ કરતાં તેમની સાથે થયેલ ઉપરોક્ત ફ્રોડમાં તેમના ખાતામાંથી ઉપડી ગયેલી રકમ પૈકી રૂ. ૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) એકસીસ બેંકના ખાતા નં. 922010047253179 માં તથા રૂ. ૪,૯૯૮/૯૪ (અંકે રૂપીયા ચાર હજાર નવસો અઠાણુ અને ચોરાણુ પૈસા પુરા) એચ.ડી.એફ.સી. બેંકના ખાતા નં. 57500001057153 મા ગયેલ અને તે રકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૦૬ મુજબ સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા ફ્રીઝ કરાવેલ હતી અને તે હાલમાં પણ સદરહુ ખાતામાં જેમની તેમ પડી રહેલ છે અને અરજદારને તે પરત મળેલ નથી. આ બાબતે એફ.આઇ.આર. થયેલ નથી. આ સંજોગોમાં અરજદારને ખુબ જ મોટું આર્થિક નુકશાન થયેલ છે અને તેથી તેમણે ઉપરોક્ત વિગતે સીઝ થયેલી સદરહુ રકમ રૂ. ૯,૯૯૮/૯૪ (અંકે રૂપીયા નવ હજાર નવસો અઠાણુ અને ચોરાણુ પૈસા પુરા) અરજદારના ખાતામાં પરત અપાવવા માટે યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલી છે. તેમણે પોતાની અરજીના સંદર્ભમાં પોતાના ખાતાની વિગતો તથા સામાવાળા એટલે કે ફ્રોડ થયા બાદ જે ખાતાઓમાં રકમ જમા થયેલ તેની વિગતો પોતાની અરજીમાં દર્શાવેલી છે તેમજ પોતાના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ, પોતાના બેંક ઓફ બરોડાના ખાતાની પાસબુકના પ્રથમ પાનાની નકલ તથા બેંક સ્ટેટમેન્ટની નકલ વિગેરે રજુ કરેલી છે.

(૨) અરજદાર દ્વારા હાલની અરજી દાખલ કરવામાં આવતાં આ કામમાં સાયબર ક્રાઇમ સેલ, સી.આઇ.ડી. ક્રાઇમ લુણાવાડાને નોટીસ કરવામાં આવતાં સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન લુણાવાડા જી. મહીસાગરના પી.આઇ. ડી. પી. ચુડાસમા નાઓએ તેમનો સ્પષ્ટ અભિપ્રાય રજુ કરેલો છે. જેમાં અરજદાર સાથે થયેલ ફ્રોડ સબંધેની હકીકતને સમર્થન દર્શાવી અરજદારના બેંક ઓફ બરોડા (ઇન્કલુડીંગ વિજયા બેંક એન્ડ દેના બેંક) ના ખાતા નં. 08830100023442 માથી ૧૦,૧૯૭/-૩૩ (અંકે રૂપીયા દસ હજાર એકસો સતાણુ અને તેંત્રીસ પૈસા પુરા) ઉપડી ગયેલા હોવાનું તથા તે નાણાં પૈકી રૂ.

૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) સામાવાળાના શંકાસ્પદ એકસીસ બેંકના ખાતા નં. 922010047253179 માં તથા રૂ.૪,૯૯૮/૯૪ (અંકે રૂપીયા ચાર હજાર નવસો અઠાણુ અને ચોરાણુ પૈસા પુરા) સામાવાળાના શંકાસ્પદ એચ.ડી.એફ.સી. બેંકના ખાતા નં. 57500001057153 મા ગયેલ અને તે રકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલા છે અને તે ખાતાઓ સીઝ કર્યા બાદ ખાતેદારો કે અન્ય કોઇ વ્યક્તિએ તેમની સમક્ષ કોઇ વાંધા તકરાર જણાવેલ નથી જેથી તે રકમ અરજદારને પરત આપવા સબંધે તેમનો અભિપ્રાય થાય છે તેવું જણાવેલ છે.

(૩) આમ, હાલના કામે રજુ થયેલ અરજદારની અરજી તેમજ તેની સાથેના દસ્તાવેજો અને તપાસ કરનાર અમલદાર તરીકે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના પી.આઇ.શ્રીનો અરજદારની અરજી પરત્વેનો અભિપ્રાય વિગેરે વંચાણે લેતાં આ કામના અરજદાર સાથે સાયબર ફ્રોડ થયેલ હોવાનું પ્રથમ દર્શનીય જણાય છે અને તે ગુન્હાના કામે અરજદારના બેંક ઓફ બરોડા (ઇન્કલુડીંગ વિજયા બેંક એન્ડ દેના બેંક) ના ખાતા નં. 08830100023442 માથી ૧૦,૧૯૭/-૩૩ (અંકે રૂપીયા દસ હજાર એકસો સતાણુ અને તેંત્રીસ પૈસા પુરા) ઉપડી ગયેલા હોવાનું તથા તે નાણાં પૈકી રૂ. ૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) સામાવાળાના શંકાસ્પદ એકસીસ બેંકના ખાતા નં. 922010047253179 મા તેમજ રૂ. ૪,૯૯૮/૯૪ (અંકે રૂપીયા ચાર હજાર નવસો અઠાણુ અને ચોરાણુ પૈસા પુરા) સામાવાળાના શંકાસ્પદ એચ.ડી.એફ.સી. બેંકના ખાતા નં. 57500001057153 માં જમા થયેલા હોવાનું જણાય છે અને તે નાણાં હાલમાં પોલીસ કાર્યવાહીના કારણોસર સીઝ કરાયેલા છે. અરજદારને જો તે નાણાં પરત સોંપવા અંગે હુકમ કરવામાં ન આવે તો અરજદારને આર્થિક નુકશાની જાય તેમ છે તેમજ કહેવાતા નાણાં બનાવટી ખાતાઓમાં જમા થયા બાદ તે કોઇ દ્વારા ઉપાડવા માટેનો પ્રયત્ન કરવામાં આવેલો નથી કે તેવા ખાતાઓ સીઝ કરાયા બાદ પણ તે સામે કોઇ દ્વારા વાંધા તકરાર

લેવામાં આવેલ નથી ત્યારે આવી રકમ હાલના અરજદારને પરત સોંપવા હુકમ કરવો યોગ્ય અને વ્યાજબી જણાતું હોય, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુ ક મ</u> ::-**

અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન લુણાવાડા-મહીસાગરના 31102260040357 ની થયેલ કાર્યવાહી દરમ્યાન એકસીસ બેંકના ખાતા નં. 922010047253179 મા જમા થયેલી રકમ રૂ. ૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) તેમજ એચ.ડી.એફ.સી. બેંકના ખાતા નં. 57500001057153 મા જમા થયેલી રકમ રૂ. ૪,૯૯૮/૯૪ (અંકે રૂપીયા ચાર હજાર નવસો અઠાણુ અને ચોરાણુ પૈસા પુરા) મળી હાલના કામે સીઝ કરાયેલી કુલ રકમ રૂ. ૯,૯૯૮/૯૪ (અંકે રૂપીયા નવ હજાર નવસો અઠાણુ અને ચોરાણુ પૈસા પુરા) અરજદારને નીચેની શરતે તેમના બેંક ઓફ બરોડા (ઈન્કલુડીંગ વિજયા બેંક એન્ડ દેના બેંક) ના ખાતા નં. 08830100023442 માં જમા કરાવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને તે માટેની જરૂરી કાર્યવાહી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન લુણાવાડા-મહીસાગરનાએ કરવી.

**<u>શરત</u> :**

**૧.** આ કામે જે ખાતાઓમાંથી અરજદારને નાણાં ચુકવી આપવામાં આવે છે તે ખાતેદારો દ્વારા ભવિષ્યમાં જો કોઈ વાંધા કે તકરાર લેવામાં આવે તો અરજદારને મળેલ રકમ કોર્ટમાં જમા કરાવવાની બાંહેધરી માટે અરજદારે તેઓને મળવાપાત્ર રકમની દોઢી રકમના સદ્ધર જામીન અને જાત મુચરકા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન લુણાવાડા-મહીસાગરમા રજુ કરવા.

આ હુકમની યોગ્ય અમલવારી થવા માટે સબંધીત પોલીસ સ્ટેશનને જરુરી યાદી કરવી.

આ હુકમ આજ તા.૬ ઠી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૬/૦૩/૨૦૨૬**
**સ્થળ : બાલાસીનોર.**

**(મુકેશ ભાનુશંકર દવે)**
**એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**બાલાસીનોર જી. મહીસાગર**
**(GJ01066)**

//સ્ટેનોગ્રાફર–ડી.એન.પંડ્યા//